ગાંધીનગર સમાચાર

ગાંધીનગર ખાતે આરએસએસ દ્વારા જાહેરમાં પુસ્તક વેચાણ કાર્યક્રમ યોજાશે

# દિવાળીમાં ઘરફોડ અટકાવવા પોલીસનું 'ઓપરેશન ઉત્સવ'

## રજાઓમાં બહારગામ જવાના હોવ તો પોલીસને ફોન કરીને જાણ કરો : તૈયાર થયેલ લીસ્ટ મુજબ રાત્રિ પેટ્રોલીંગ કરી ઘરફોડ, વાહનચોરી અટકાવશે

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં દિવાળી વેકેશનમાં બહારગામ ફરવા જવાનો નગરજનોને ભારે ક્રેઝ રહેતો હોય છે. આ ક્રેઝનો લાભ ઉઠાવી ઘરફોડિયા ચોરો હાથફેરો કરી જવાની સમસ્યા આ સમયગાળામાં વધી જાય છે આ કારણે પોલીસ તંત્ર દ્વારા આ વર્ષે 'ઓપરેશન ઉત્સવ' નામથી એક પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. જેમાં પોલીસ બંધ મકાનોની નિગરાની કરવા પેટ્રોલીંગથી લઈને અન્ય વિવિધ સતર્કતાના પગલા હાથ ધરશે.

દિવાળી વેકેશનમાં ઘરફોડ ચોરી અને વાહનચોરી જેવા ગુના અટકાવવા પોલીસ દ્વારા ઓપરેશન ઉત્સવ અંતર્ગત નાગરિકોને કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે. આ સૂચનો મુજબ જયારે તમે લાંબા સમય માટે બહારગામ જાઓ ત્યારે આપના એકાદ વિશ્વાસુ સગા કે પાડોશી ઉપરાંત પોલીસને જાણ કરો. અગાઉની માફક હવે આ જાણ કરવા રૂબરૂ પોલીસ સ્ટેશન જવું જરૂરી નથી પરંતુ ફોન કરીને પણ નોંધાવી શકાય છે. જો લાંબા સમય માટે બહારગામ જવાનું થાય તો નજીકના પોલીસ સ્ટેશનથી સાયરનવાળા લોક પણ મેળવી શકો છો. વળી, ઘર બંધ કરીને જવાના છો તેવી વાતો અજાણ્યા માણસો સાંભળે તે રીતે કરવી નહીં, બારી બારણા ચોકસાઈ પૂર્વક તપાસી લોક કરવા, ઘરમાં કિંમતી ચીજવસ્તુઓ, ઘરેણા, પૈસા, દર દાગીના, તિજોરી કબાટની ચાવીઓ વગેરે રાખવું નહીં. દર દાગીના ઘરેણા બેંકલોકરમાં મુકી દેવા, અજાણી વ્યકિત પર તાત્કાલિક ભરોસો મુકવો નહીં, શંકાસ્પદ હિલચાલ જણાય તો પોલીસને કંટ્રોલ રૂમ નં. ૧૦૦ પર જાણ કરવી, ઘરના નોકરની નામ-સરનામા ફોટા સહિતની તમામ વિગત પોતાની પાસે અથવા સગા સંબંધીને આપી રાખવી-ફલેટ સોસાયટીના વોચમેનને અજાણી વ્યકિતની અવરજવર બાબતે અવશ્ય પુછપરછ કરી ફલેટની વ્યકિત સાથે સંપર્ક કરાવવો. જો કોઈ અજાણી વ્યકિત પાર્લિક પ્લોટના સ્થળે ફરતી દેખાય તો ૧૦૦ નંબર પર પોલીસને બિનચૂક જાણ કરવી. પોલીસ બહારગામ ગયેલા નાગરિકોની નોંધણીના લીસ્ટ મુજબ રાત્રિ પેટ્રોલીંગનો રૂટ બનાવશે અને આપના ઘર વાહનોની તકેદારી લેશે.

### પોલીસનું સાયરલ-લૉક ઘરફોડ અટકાવશે

ઓપરેશન ઉત્સવ અંતર્ગત પોલીસ દ્વારા સાયરન લોકની વ્યવસ્થા કરવામાં આવી છે. જે રૂ. ૫૦૦ની ડિપોઝીટ પર ઘર માલિકને આપવામાં આવશે. આ લોકને તોડવાની કે છેડછાડ કરવાની કોશિષ થશે તે સંજોગોમાં લોકમાંથી મોટા અવાજે સાયરન વાગવી શરૂ થઈ જશે. વળી, પોલીસ પણ નોંધણી મુજબ રાત્રિ પેટ્રોલીંગ કરતી હશે તેથી ચોરોને ઝડપવા આસાન થઈ શકશે. સાયરન વાગતા જ સોસાયટીના રહીશો પણ જાગી જશે તેથી ઘરફોડને અટકાવી શકાશે. બહારગામથી પરત આવે આ લોક પોલીસને પરત કરી ડિપોઝીટ પાછી મેળવી શકાશે. આ લોક નજીકના પોલીસ સ્ટેશનથી મેળવી શકશે.

## @ગાંધીનગર

● ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક સાંજે ૪.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન સે-૨૧ ખાતે યોજાશે.

● પ્રિ-વાયબ્રન્ટ સમિટનો કાર્યક્રમ મહાત્મા મંદિર ખાતે યોજાશે.

● હેલ્થ એન્ડ માઈન્ડ પાવર ડેવલોપમેન્ટ અંગે પ્રેક્ષા ધ્યાન શિબિર પ્રેક્ષા વિશ્વ ભારતી ખાતે યોજાશે.

● શબ્દાયન સંસ્થા દ્વારા કવિ સંમેલન બપોરે ૨.૩૦ કલાકે વિસત માતાનું મંદિર, અમદાવાદ-મહેસાણા હાઈવે રોડ ચાંદખેડા ખાતે યોજાશે.

## પ્રથમ સમસ્ત સ્વર્ણિમ જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૧

સમસ્ત જણસારી, જનક્ષત્રિય સમાજના અપરણિત યુવક-યુવતિઓને યોગ્ય જીવનસાથીની પસંદગી મળી રહે તે માટે જીવનસાથી પસંદગી મેળાનું સુંદર આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. સૌ લગ્ન ઈચ્છુક યુવક યુવતિઓને નિયત ફોર્મ ભરી વહેલી તકે મોકલી આપવા જણાવાયું છે તેમજ રજીસ્ટ્રેશન ફી યુવકો માટે રૂ. ૪૦૦ અને યુવતિઓ માટે રૂ. ૨૦૦ દરેકને ૩ પ્રવેશ પાસ, ૩ ભોજન પાસ, બુકલેટ, આઈ કાર્ડ વગેરે સાથે સંપૂર્ણ કીટ આપવામાં આવશે. જીવનસાથી પસંદગી મેળાની આવક સમાજના સામાજીક શૈક્ષણિક કાર્ય માટે વાપરવામાં આવશે. પસંદગી મેળા અંગે વધુ વિગત માટે મહેન્દ્ર ચૌહાણ ૧૭૯/૨, સે-૧૪નો સંપર્ક કરવા જણાવાયું છે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખેલ મહાકુંભમાં ખો-ખો જુનિયરમાં વિજેતા

ગાંધીનગર, તા.૨૧

ખેલ મહાકુંભ અંતર્ગત જુનિયર ખો-ખો સ્પર્ધા અન્ડર-૧૭ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શહેરની નામાંકિત શૈક્ષણિક સંસ્થા શ્રી. જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય પ્રથમ ક્રમે વિજેતા બનેલ છે. શાળાનું અને જિલ્લાનું ગૌરવ વધારેલ છે. હવે રાજયકક્ષાએ રમવા જવાનું થશે. આચાર્યા સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક લીલાબેન ચૌધરી, હેતલબેન દેસાઈ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

ચૌધરી, ઉર્મિ, ચૌધરી નિધિ, ચૌધરી વર્ષા, ચૌધરી મનિષા, ચૌધરી મિતલ, ચૌધરી યામિની, ચૌધરી મિત્તલ આર, ચૌધરી શિલ્પા, ચૌધરી આશા, ચૌધરી વસંતી, પટેલ કેતુ અને પટેલ પૂર્વાંગી એ ભાગ લીધો હતો.

## કોલવડા આર્યુવેદ હોસ્પિટલ ખાતે ડાયાબીટીશ અવેરનેસ કાર્યક્રમ યોજાશે

કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ખાતે આયુર્વેદ દિન અંતર્ગત ડાયાબીટીશ અવેરનેસ કાર્યક્રમનું આયોજન આગામી તા. ૨૮મી ઓકટોબરના રોજ સવારે ૭.૩૦થી ૯.૦૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે.

આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિના પ્રચાર-પ્રસાર તેમજ તેના મહત્વને વધારવા ધનતેરસે ધન્વંતરિ જયંતિની ઉજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે આ વર્ષે ૨૮મી ઓકટોબરે નેશનલ આયુર્વેદ દિવસની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત કોલવડા આયુર્વેદિક કોલેજ ખાતે ૨૮મી ઓકટોબરે ડાયાબીટીશ અવેરનેસ ડેની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન ડાયાબીટીશ ન થાય તે માટે યોગાસન શીખવવામાં આવશે. ભગવાન ધન્વંતરીની વિશેષ પૂજા પણ આ અવસરે યોજાશે. ત્યારબાદ ૨૯મી ઓકટોબરે નિઃશુલ્ક નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા વ્યકિતઓએ ૨૭મી ઓકટોબર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવું જરુરી છે. રજીસ્ટ્રેશન માટે હોસ્પિટલના વૈદ્ય ફાલ્ગુન પટેલ (૯૪૨૬૪૦૪૦૦૪) અથવા વૈદ્ય દક્ષેન ત્રિવેદી (૯૮૨૪૨ ૬૬૧૬૦)ને મેસેજ કરવા અથવા ફોન દ્વારા સંપર્ક કરવા જણાવાયું છે.

## રાષ્ટ્રપતિના આગમનને પગલે હોસ્પિટલ તંત્ર સજજ

ગાંધીનગર, તા.૨૧

ભારતના મહામહિમ રાષ્ટ્રપતિશ્રી તા.૨૨ અને ૨૩મી ઓકટોબરના રોજ ગાંધીનગરની મુલાકાતે આવનાર છે. મહામહિમની બે દિવસીય મુલાકાતમાં રાત્રી રોકાણ રાજભવન ખાતે કરાશે. જયારે તા.૨૩મી ઓક્ટોબરના રોજ શ્રી બાપુ કોલેજ વાસન મહાદેવ ખાતે પધારનાર છે. જેને અનુલક્ષી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્રને પણ સજજ કરી દેવામાં આવ્યું છે. જયારે તમામ વિભાગના એચઓડી ડોકટર્સને હાજર રહેવા જણાવાયું છે. હોસ્પિટલ સંકુલમાં પ્રથમ મજલે વીવીઆઈપી વોર્ડ તેમજ બેઝ હોસ્પિટલ પણ તૈયાર કરી દેવામાં આવી છે.

મહામહિમ રાષ્ટ્રપતિ ગાંધીનગર શહેરની મુલાકાતે આવવાના છે. જેને અનુલક્ષી ગાંધીનગર હોસ્પિટલ તંત્રના અધિકારીઓએ પણ હોસ્પિટલ



તંત્રને સજજ કરી દેવામાં આવ્યું છે. હોસ્પિટલ સંકુલ ખાતે નવી બિલ્ડીંગમાં આઈ ઓપીડીની બાજુમાં પ્રથમ માળે વીવીઆઈપી વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં જરુરી દવાઓ સહિતની તમામ સુવિધા ઉભી કરાઈ છે. જયારે હોસ્પિટલમાં ફરજ બજાવતા વિવિધ વિભાગના એચઓડી ડોકટર્સને પણ હાજર રહેવા જણાવાયું છે. સંકુલના ગ્રાઉન્ડ ફલોર પર બેઝ હોસ્પિટલ પણ તૈયાર કરી દેવામાં આવી છે. તેમજ જયાં સુધી મહામહિમ ગાંધીનગરથી પરત દિલ્હી જવા ન નીકળે ત્યાં સુધી હોસ્પિટલમાં ડોકટરોની ટીમને હાજર રહેવાના આદેશ જારી કરવામાં આવ્યા છે. મહામહિમ રાષ્ટ્રપતિ ગાંધીનગર ખાતે રાત્રી રોકાણ રાજભવન ખાતે કરનાર હોવાથી રાત્રીના સમયથી જ ડોકટર્સની ટીમ સહિત હોસ્પિટલ તંત્રને સજજ કરી દેવામાં આવ્યું છે. જયારે હોસ્પિટલ તંત્રના અધિકારીઓ પણ કોઈ પણ જાતની કચાશ રહી ન જાય તે માટે સતત દરેક બાબતનું નિરિક્ષણ કરી રહ્યા છે.

## વાતવાતમાં

● શુક્રવારે ગાંધીનગરના બીએસએફ સંકુલ ખાતે 'પોલીસ દિવસ'નું આયોજન કરાયું હતું. જેમાં બીએસએફના મહાનિરિક્ષક અજયકુમર તોમરના હસ્તે શહીદ સ્મારક સ્તંભ પર પુષ્પ ચક્ર ચઢાવી વર્ષ દરમિયાન પોલીસ તથા અર્ધ સૈનિકદળોના શહીદ થયેલા કર્મીઓને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે બીએસએફની સશસ્ત્ર ટુકડી દ્વારા શોક શસ્ત્ર પરેડ કરવામાં આવી હતી.

● વાવોલની શાલ્વિક હોમ્સ સોસાયટી આગળના માર્ગે યુજીવીસીએલ દ્વારા વીજ થાંભલાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામ સમી સાંજના હાથ ધરાયું હતું જેના કારણે સાંજના છ વાગ્યાથી લાઈટોનું આવન જાવન સતત ચાલુ રહ્યું હતું. બરાબર રસોઈના ટાઈમે જ લાઈટો ચાલુ બંધ થતા વિસ્તારની ગૃહિણીઓ પરેશાન થઈ ઉઠી હતી.

● ભારતના યુવા પ્રવૃત્તિઓ અને રમત ગમત વિભાગના કેન્દ્રિય મંત્રી વિજય ગોયલ શનિવારે સવારે ગાંધીનગરના સે-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટરની મુલાકાતે આવનાર છે. કેન્દ્રિય મંત્રીની મુલાકાતના પગલે સમગ્ર સાઈ સંકુલની સાફ સફાઈ કરી સજાવવામાં આવ્યું છે.

## સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર ખાતે જિલ્લા કક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૬ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

જી.સી.ઈ. આર.ટી. ગાંધીનગર પ્રેરીત જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન ગાંધીનગર તથા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા શ્રી સહજાનંદ ગુરુકુળ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા કોટેશ્વર ખાતે જિલ્લા કક્ષાના વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૬નું ત્રિ-દિવસિય આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના કોટેશ્વર ખાતે સ્થિર શ્રી સહજાનંદ ગુરુકળ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ખાતે જી.સી.ઈ.આર.ટી. પ્રેરીત જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પ્રદર્શનનું ત્રિ-દિવસીય આયોજન કરાયું છે. જેમાં તા.૨૪-૧૦-૨૦૧૬ના રોજ બપોરે ૩ કલાકે જિલ્લા શિક્ષણાધિકારી તેમજ સેકટર-૨ સ્વામી નારાયણ મંદિરના પ.પૂ. સ્વામી પુરુષોત્તમ પ્રકાશદાસજીના હસ્તે ઉદ્દ્ઘાટન કરવામાં આવશે. તા.૨૫-૧૦-૨૦૧૬ મંગળવારના રોજ સવારે ૯ થી ૫ કલાક દરમિયાન પ્રદર્શન નિહાળી શકશે. જયારે તા.૨૬-૧૦-૨૦૧૬ બુધવાર સમય સવારે ૯ થી ૩ કલાક દરમિયાન નિહાળી શકાશે. ત્યારબાદ સમાપન સમારોહ યોજાશે. આ પ્રદર્શનને નિહાળવા સહજાનંદ ગુરુકુળ દ્વારા અનુરોધ કરાયો છે.

## ગાંધીનગર જિલ્લામાં ૧૨મીએ લોક અદાલત

ગાંધીનગર, તા.૨૧

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તેમજ કલોલ, દહેગામ, માણસા તથા ગાંધીનગર તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા તા. ૧૨મી નવેમ્બર, ૨૦૧૬ને શનિવારના રોજ ગાંધીનગર જિલ્લાની તમામ દિવાની, ફોજદારી અને મજુર અદાલત સમક્ષ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોકઅદાલતમાં બધા પ્રકારના દિવાની, મોટર અકસ્માત વળતર, મજુર કાયદાને લગતા, બેંકના લેણા, મનરેગા, વાણિજય, સીધા તથા આડકતરા વેરા, વન્ય વિભાગને લગતા, હોનારત વળતર, સામાધાન પાત્ર ફોજદારી ફરિયાદો તથા અપીલો, ફોજદારી અપીલો, ટેલીફોન તથા મોબાઈલ બિલો, નોગોશીએબલ એકટ – ૧૩૮ની ફરિયાદો, લગ્ન વિષયક તેમજ કૌટુંબિક તકરારો, જમીન સંપાદન વળતર, સુખાધીકાર હક્ક, મહેસુલી તકરાર, વીજ કંપની તથા પાણીવેરાના ( ચોરી સિવાયના), નોકરીને લગતી તકરારો, પરચુરણ તથા રેગ્યુલર અપીલો અને લોક અદાલતમાં આવરી શકાય તેવી તકરારોનો સમાવેશ કરવામાં આવશે.

લોક અદાલતમાં નિકાલ થયેલ કેસોનો નિર્ણય આખરી ગણાય છે, જેની સામે અપીલ કે રીવીઝન થઈ શક્તી નથી. કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમની જોગવાઈ મુજબ લોકઅદાલતમાં નિકાલ થયેલ કેસોમાં કોર્ટ રીફંડ મળી શકે છે, તેવું જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના અધ્યક્ષ અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી એ.સી. રાવએ જણાવ્યું છે.

## ગુરુ બ્રાહ્મણ સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૧

પાટનગર ગુરુ બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૩-૧૦-૨૦૧૬ને રવિવારના રોજ ટાઉનહોલ સેકટર-૧૭ ગાંધીનગર ખાતે પ્રથમ જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરેલ છે. જેથી ફોર્મ ભરેલ યુવક યુવતીઓને સવારે ૧૦ કલાકે હાજર રહેવા વિનંતી છે એવું પાટનગર ગુરુ બ્રાહ્મણ સમાજ ગાંધીનગર સમિતિએ જણાવ્યું છે.

## આદિશ્વર કોલેજ ખાતે 'વુમન સેલ્ફ ડિફેન્સ એન્ડ હેલ્પલાઈન' વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી-વિનસ, ગાંધીનગર ખાતે 'વુમન સેલ્ફ ડિફેન્સ એન્ડ હેલ્પલાઈન' એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ મહિલાઓમાં થતા અત્યાચાર જેવા કે જાતીય સતામણી, માનસિક ત્રાસ, બળાત્કાર, લૂંટફાટ, ઘરેલું હિંસા, અપહરણ, દહેજ, છેડતી વગેરેની સામે મહિલાઓ કેવી રીતે સલામત અને સુરક્ષિત રહી શકે એની વિસ્તૃત માહિતી અને ટ્રેનીંગ પુરી પાડવામાં આવી હતી. આ વર્કશોપમાં ૨૦૦ જેટલી વિદ્યાર્થીઓ અને મહિલા પ્રોફેસરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ વર્કશોપમાં મુખ્ય અતિથિ તરીકે પન્ના મોમાયા, એસીપી મહિલા ક્રાઈમ બ્રાન્ચ-અમદાવાદ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે સ્ત્રી સશકિતકરણ માટે વિદ્યાર્થીનીઓને જાગૃત અને પ્રોત્સાહીત કરી હતી. તથા મહિલાઓને લગતા વિવિધ કાયદાઓની વિસ્તૃત ચર્ચા કરી હતી. જેમણે જણાવ્યું હતું કે જીવનમાં ત્રણ વસ્તુ દરેક જણ ઈચ્છે છે. વિદ્યા, પૈસા અને શકિત





જે ત્રણ દેવીઓ પાસેથી મળી શકે છે. સરસ્વતી દેવી, લક્ષ્મી દેવી અને દુર્ગા મા. છતાં પણ આજે મહિલાઓની પરિસ્થિતિ કફોડી છે. જે ઘણી દુઃખદ બાબત છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મહિલાઓ હંમેશા સારી મેનેજર પુરવાર થાય છે કેમ કે મહિલાઓ એક સાથે બધું જ કામ કુશળતાપૂર્વક કરી શકે છે. મહિલાઓએ સમાજમાં બદલાવ લાવવા માટે એક અવાજ ઉઠાવવાની અને એક પહેલ કરવાની જરૂર છે.

આ વર્કશોપમાં સત્યમેવ જયતે યુવા સમિતિ, સામાજિક સંસ્થામાંથી વિશાલ પંચાલ, કરૂણ પંચાલ, પાર્થ શાહ એમની ટ્રેનીંગ ટીમ સાથે હાજર રહ્યા હતા. જેમણે આપાતકાલીન સંજોગોમાં મહિલાઓએ ૧૦૯૧ અને ૧૮૧ (અભયમ્) હેલ્પલાઈનનો કેવી રીતે ઉપયોગ કરવો જેથી તેઓ સુરક્ષિત રહી શકે અને પ્રતિકાર કરી શકે તેની માહિતી આપી હતી.

આ વર્કશોપમાં મહિલા અત્યાચારનો પ્રતિકાર કરવા માટેની કરાટે ટ્રેનીંગ માલવ ગોલવાલાએ તેમની ટીમ દ્વારા આપી હતી.

### રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા

## આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા આદર્શ નિવાસી કન્યા શાળા, સેકટર-૮ ખાતે શાળાની ૧૪૦ વિદ્યાર્થીનીઓ માટે સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાઈ ગયો. આ વર્કશોપમાં વિદ્યાર્થીનીઓને અભ્યાસ દરમ્યાન ઉદ્દ્ભવતા સ્ટ્રેસનાં કારણો તથા તેના ઉપાયો ઉપર વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. વિષય નિષ્ણાત તથા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણાએ બંને દિવસો દરમ્યાન જુદા જુદા ચાર સત્રોમાં વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું.

વિદ્યાર્થીનીઓએ પોતાના સ્ટ્રેસનું સૌથી મોટું કારણ ભણેલા વિષયો યાદ ન રહેતા હોવાનું તથા અમુક વિષયો ગમતા ન હોવાનું અને અમુક વિષયો આવડતા ન હોવાનું જણાવેલ. આ તમામ પાસાઓ ઉપર શ્રી અરવિંદભાઈ રાણા દ્વારા





વિસ્તારથી સમજ આપવામાં આવી હતી. સાથે સાથે અભ્યાસ કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ શીખવાડી તે અનુસાર અભ્યાસ કરવા પ્રેરણા આપી હતી. કોઈપણ વિષયને લાંબા સમય સુધી યાદ રાખવા માટે શું કરવું જોઈએ તે વિષય ઉપર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આ વર્કશોપના સમાપન પ્રસંગે માહિતી કમિશ્નર શ્રી વી. એસ. ગઢવી, રોટરી ક્લબનાં આસીસ્ટન્ટ ગવર્નર શ્રી સમીરભાઈ ત્રિવેદી, ચાર્ટર પ્રેસિડન્ટ શ્રી જગતભાઈ કારાણી, પાસ્ટ આસી. ગવર્નર શ્રીમતી અમીબહેન શાહ, પૂર્વ પ્રમુખ શ્રી યુવરાજસિંહ વાઘેલા અને શ્રી મનોજભાઈ સરૈયા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્ય અતિથિ શ્રી વી. એસ. ગઢવીએ પોતાના ઉદ્દ્બોધનમાં વિદ્યાર્થીનીઓને લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે મુખ્ય કાર્ય અને ગૌણ કાર્ય કોને કહેવાય તે વિષે ઉદાહરણ સહિત સમજાવી મુખ્ય કાર્યને પ્રધાનતા આપવા પ્રેરણા આપી હતી. તેમણે નિયમિત પ્રાણાયામ અને ધ્યાન કરવા ઉપર પણ ભાર મુકયો હતો. શ્રી સમીરભાઈ ત્રિવેદીએ કોઈ ઘટના કે વિષય પૂર્ણ થઈ જાય પછી તેના ઉપર ખોટા વિચારો કે ચર્ચાઓ ન કરી આગળના કાર્યમાં જ મન પરોવવા પ્રેરણા આપી હતી.

વ્યાખ્યાન બાદ રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર તરફથી શાળાની તમામ વિદ્યાર્થીનીઓને એક સરખા સ્વેટર આપવામાં આવ્યા હતા. મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનાં આયોજનમાં શાળાનાં શિક્ષકો શ્રી વી. સી. ઉપાધ્યાય, શ્રીમતી રંજનાબેન ગુપ્તા, શ્રીમતી ગાયત્રીબેન વૈદ્ય અને શ્રી સુરેશભાઈ પટેલે નોંધપાત્ર ફાળો આપ્યો હતો. સમાપન સમારોહનું સફળ સંચાલન શ્રી યુવરાજસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતમાં આભારવિધિ શ્રી જગતભાઈ કારાણીએ કરી હતી.

## ગાંધીનગર ખાતે આર.એસ.એસ. દ્વારા જાહેરમાં પુસ્તક વેચાણ કાર્યક્રમ યોજાશે

### સમગ્ર દેશમાં ૨૨-૨૩ ઑકટોબરે પુસ્તક વેચાણ કરાશે

ગાંધીનગર, તા.૨૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગાંધીનગરના પ્રચાર વિભાગ દ્વારા સંઘ-રાષ્ટ્રહીત વિચારના પ્રચાર માટે આગામી ૨૨ અને ૨૩ ઑકટોબર ૨૦૧૬ના રોજ ગાંધીનગર ખાતે જાહેરમાં પુસ્તક વેચાણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, પ્રચાર વિભાગની યોજના પ્રમાણે સમગ્ર દેશભરમાં ૨૨-૨૩ ઑકટોબરે પુસ્તક વેચાણ કાર્યક્રમ યોજાશે જેમાં હજારો કાર્યક્રમો જોડાશે.

ગાંધીનગર ખાતે આ નિમિત્તે તા. ૨૨ ઑકટોબર એટલે કે શનિવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની બાજુમાં તેમજ તા. ૨૩ ઑકટોબરે રવિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર, બેંક ઑફ બરોડાની સામે સેકટર-૨૧ ખાતે સંઘના સ્વયંસેવકો દ્વારા વ્યક્તિગત સંપર્ક કરીને સંઘ વિચારધારાના અલગ-અલગ લેખકોના પુસ્તકોનું વેચાણ કરવામાં આવશે તેમ ગાંધીનગર વિભાગ પ્રચાર પ્રમુખ જગત પુરોહિતે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. જયાબા કેશુજી ડાભી, ઉ.વ. ૭૦
- સ્વ. કમળાબેન સેંધાજી નરૂકા, ઉ.વ. ૫૫
- સ્વ. રાજુભાઈ ચતુરભાઈ બજાણીયા, ઉ.વ. ૨૫
- સ્વ. ગોવિંદભાઈ સેંધાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૫